વિચરતી-વિમુકત જાતિના યુવક યુવતીઓ માટે
એકટીંગ-ડીરેકશન પ્રોડકશન અને એડીટીંગ
માટેની તાલીમ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૨૦૧૨/૯૮૯૨૦/અ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૬/૪/૨૦૧૨

વંચાણે લીધોઃ- નિયામકશ્રી ,વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંકઃવિજાક/જન/ન.બા./૧૧-૧૨/૩૨૮, તા.૯/૨/૨૦૧૨.

ઠરાવઃ-

આધુનિક યુગમાં બદલાયેલા સમયમાં હાલના અને આવનાર સમયમાં ક્રીયેટીવ અને ટેલેન્ટની ખૂબ જ માંગ છે. અને રહેશે. લોકોની જીવન શૈલીમાં મોજ શોખ અને મનોરંજનની દુનિયામાં ટેલિવીઝનની ફિલ્મ, સીરીયલ, ડ્રામા વિસ્ગેરે અગત્યનો ભાગ ભજવી રહેલ હોઇ વિચરતી-વિમુકત જાતિ સમાજ પણ આ ક્ષેત્રને માનની નજરે જુએ અને આ ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે. પરંતુ વિચરતી-વિમુકત જાતિ ના ઉમેદવારો ભાગ્યેજ આગળ આવે છે. આથી વિચરતી-વિમુકત જાતિ સમાજ ના યુવક યુવતીઓ માટે પણ એકટીંગ-ડીરેકશન પ્રોડકશન અને એડીટીંગ જેવી તાલીમ આપતી સંસ્થાઓ ધ્વારા તાલીમ આપવામાં આવે તો વિચરતી-વિમુકત જાતિના આ ક્ષેત્રમાં રસ ધરાવતા બેરોજગાર યુવક યુવતીઓ ને જો સરકાર તરફથી નાણાકીય સહાય આપવામાં આવે તો આ સમાજના યુવક યુવતીઓમાં ક્રીયેટીવ અને ટેલેન્ટ તૈયાર થઇ શકે તેમ છે. રાજય સરકારનો અભિગમ વિચરતી-વિમુકત જાતિનો ઉત્કર્ષ કરવાનો છે. આથી વિચરતી-વિમુકત જાતિના યુવક યુવતીઓ માટે એકટીંગ-ડીરેકશન પ્રોડકશન અને એડીટીંગ માટેની તાલીમ માટે નીચે મુજબ યોજના અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વિચરતી-વિમુકત જાતિના યુવક યુવતીઓ માટે એકટીંગ-ડીરેકશન પ્રોડકશન અને ડીટીંગ માટેની તાલીમ આપવા માટે રૂ. ૧૦૦.૦૦ લાખની યોજનાને મંજૂરી આપવામાં આવે છે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર કરશે.

(3) એકટીંગ-ડીરેકશન પ્રોડકશન અને એડીટીંગ માટેની તાલીમ આપતી સંસ્થાઓને તાલીમાર્થી દીઠ વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦/ આપવામાં આવશે. અને આ જાતિના ૨૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવશે.

(૪) આ યોજના માટેની શરતો અને આયોજનની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર એ તૈયાર કરી સરકારમાં નાણા વિભાગ ની મંજૂરી માટે રજુ કરવાની રહેશે. આ યોજનાની શરતો અને બોલીઓ મંજુર થયા બાદ જ આ યોજનાનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય વિચરતી અને વિમુકત વર્ગનું કલ્યાણ, ૧૦૧ વિમુકત અને અસ્થાયી જાતિનું કલ્યાણ, બી.કે.સી.૧૪૮-એ વિચરતી વિમુકત જાતિના યુવક યુવતીઓને એડીટીંગ/ડીરેકશન/પ્રોડકશન અને એડીટીંગ માટેની તાલીમ યોજના હેઠળ ઉધારવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

એલ.એમ.જોષી
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

x-------x------x